| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/10/2022 |
| PAGE : | 03 |

# કોરોનામાં નાના ઉદ્યોગકારો પર અસર થઇ હવે તેના વિકાસ માટે સરકાર પ્રતિબધ્ધ છે : કેન્દ્રીય મંત્રી વર્મા

અમદાવાદ | કેન્દ્રીય રાજ્ય કક્ષાના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસિકો (એમએસએમઇ)ના મંત્રી ભાનુપ્રતાપસિંહ વર્માએ ઈડીઆઈઆઈની મુલાકાત લીધી હતી. મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે, એમએસએમઇ ઝડપથી વૃદ્ધિ કરી રહ્યાં છે. કોવિડમાં આ ક્ષેત્રને નોંધપાત્ર રીતે માઠી અસર થઈ હતી. હવે સરકાર તેના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ઈડીઆઈઆઈ 40 વર્ષથી એમએસએમઇ ક્ષેત્રને વિકસાવવાનાં મિશન સાથે કામ કરે છે. નવા ઉદ્યોગસાહસીકોને જરૂરીયાત પ્રમાણે મદદ કરવા હંમેશા તત્પર રહે છે.